# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-06-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

# CM ENVIRONMENT DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું-ગાંધીનગર સચિવાલય સંકુલ પરિસરમાં 16 હજાર જેટલા વૃક્ષોનું માતૃવન-વન કવચ બનાવાશે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ‘એક પેડ માં કે નામના બીજા તબક્કા ’ અંતર્ગત માતૃવન વનકવચ નિર્માણનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે નાગરિકોને હરિયાળી વધારવામાં સહકાર આપવાનો સંકલ્પ લેવા અપીલ કરી.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આજે સવારે શ્રી પટેલે અમદાવાદમાં વૃક્ષારોપણ કરીને અમદાવાદ મહાનગરપાલિકાના 'મિશન ફોર મિલિયન ટ્રીઝ ' અભિયાનનો શુભારંભ કરાવ્યો. સાથે જ તેમણે આ અભિયાનના ટેબ્લો અને ૧૧ વૃક્ષરથનું પ્રસ્થાન કરાવ્યું. શ્રી પટેલે ચાંદલોડિયા વોર્ડમાં નિર્માણ પામનારા 'સિંદૂર વન'ના નિર્માણનો પણ પ્રારંભ કરાવ્યો.

ઉલ્લેખનીય છે કે, 'ઓપરેશન સિંદૂર'ના સન્માનમાં ચાંદલોડિયા વોર્ડમાં 551 સિંદૂર વૃક્ષો સાથેનું 'સિંદૂર વન' તૈયાર કરાશે.

. . . . . . . . . . . . .

# CM MAHATMA MANDIR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાનાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ગાંધીનગર નાં મહાત્મા મંદિર ખાતે કરવામાં આવી. આ પ્રસંગે શ્રી પટેલે અમદાવાદ તથા સુરતના ઓલપાડ ખાતે બેગ વેન્ડિંગ મશીનનું વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ- GPCBના ભરૂચ ખાતેના પ્રાદેશિક ભવનનું લોકાર્પણ , અમદાવાદ પ્રાદેશિક ભવનનું ખાતમુહૂર્ત , GPCB મોરબી ખાતેની એર લેબોરેટરીનું લોકાર્પણ , હાલોલ ખાતે કોમન એફ્લયુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ કર્યું.

ઉપરાંત શ્રી પટેલે અદ્યતન XGN પોર્ટલ, સાઇટિંગ ક્રાઇટેરિયા ટુલનું PM ગતિ શક્તિ પોર્ટલ, પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ ડેશબોર્ડ , અદ્યતન GCZMAની વેબ સાઈટ સહિત 11 જેટલા પર્યાવરણીય પોર્ટલનો શુભારંભ કરાવ્યો.

. . . . . . . . . . . . .

# BOTAD ENVIRONMENT DAY

બોટાદ વનવિભાગ અને નગરપાલિકાના સહકારથી આજે વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાયો. દરમિયાન કૃષ્ણસાગર તળાવ નજીક પ્લાસ્ટિક સહિતની જગ્યાએ સફાઈ કરવામાં આવી. અધિક કલેક્ટર સહિતના અગ્રણીઓએ નક્ષત્ર વનમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ અંગે અધિક કલેક્ટર પ્રદીપસિંહ ઝણકાતે વધુ માહિતી આપી.

(BYTE- PRADIPSINH ZANKAT, ADDITIONAL COLLECTOR)

. . . . . . . . . . . .

# CHHOTA UDEPUR ENVIRONMENT DAY

છોટાઉદેપુર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત મેરેથોનનું આયોજન કરાયું. જિલ્લા સેવાસદનથી નગરપાલિકા , સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા , બસ સ્ટેન્ડથી પેટ્રોલ પંપ ચોકડીથી વનાર ચોકડી સુધીની ૩ કિલોમીટરની આ દોડમાં 200 લોકો જોડાયા હતા. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરે આ દોડને દોડ એક સકારાત્મક પગલું ગણાવી હતી.

. . . . . . . . . . . . .

# PM SINDOOR VAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીમાં તેમના નિવાસસ્થાને સિંદૂરનો છોડ રોપ્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું , વર્ષ 1971ના યુદ્ધમાં સાહસનું ઉદાહરણ પૂરું પાડનારાં કચ્છની વિરાંગના મહિલાઓએ તાજેતરમાં ગુજરાતના પ્રવાસ દરમિયાન તેમને આ છોડ ભેટમાં આપ્યો હતો. આ છોડ દેશની નારીશક્તિનાં શૌર્ય અને પ્રેરણાનું સશક્ત પ્રતીક બની રહેશે તેવો વિશ્વાસ શ્રી મોદીએ વ્યક્ત કર્યો.

. . . . . . . . . . . . .

# TAPI ACCIDENT

તાપીમાં આજે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બે લોકોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે , વ્યારા તાલુકાના કાડગઢ ગામ પાસે આવેલા રાજમાર્ગ પર બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બે શ્રમિક પેટ્રોલ-પમ્પ ખાતે જઈ રહ્યા હતા. તે વખતે આ ઘટના બની હતી. આ ઘટના અંગે પોલીસે અજાણ્યા કારચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . .

# MEHSANA GRAM ELECTION

મહેસાણા જિલ્લામાં 406 ગ્રામ પંચાયતોમાં સરપંચ અને સભ્યોની ચૂંટણી યોજાનાર છે. 347 ગ્રામ પંચાયતોની સામાન્ય અને 59 ગ્રામ પંચાયતમાં પેટાચૂંટણી યોજાનાર છે. જેમાં ત્રણ દિવસમાં કુલ 34 ઉમેદવારી પત્રો ભરાયા છે. સરપંચ પદ માટે 19 જ્યારે વોર્ડ સભ્ય માટે 13 ઉમેદવારી પત્રો ભરાયા છે. પેટા ચૂંટણીમાં 59 પંચાયતોમાંથી વૉર્ડના સભ્ય માટે 2 ફોમ ભરાયા હતા. આગામી 9મી જૂન સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે.

. . . . . . . . . . . . .

# SURAT RAM MANDIR

ઉત્તરપ્રદેશના અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામ અને માતાજી માટે સુરતથી સોના-ચાંદી અને હીરાજડિત આભૂષણ ભેટમાં અપાયા છે. અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે, કતારગામ ખાતે તૈયાર કરાયેલા આ આભૂષણમાં હીરા સુરતના વેપારી દ્વારા અપાયા છે. વિમાન મારફતે અયોધ્યા પહોંચાડાયેલા આ આભૂષણ અને તેમના શસ્ત્રો વિધિવત્ રીતે પૂજા-અર્ચના કરીને ભગવાનને અર્પણ કરાયા.

. . . . . . . . . . . . .

# <u>સમાચારનાં અંતે</u>

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)